કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જા.નં-NMMS/NSP/2020/૪૪૨૫ તા.૨૮/૧૦/૨૦૨૦

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી/ આચાર્યશ્રી તમામ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તથા તમામ માધ્યમિક –ઉચ્ચત્તર માધ્યમિક, સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
સુરત.

વિષય:- **NSP (National Scholarship Portal )** પર કામગીરી કરવા બાબત.

સંદર્ભ :- રાજ્ય પરીક્ષા બોર્ડના પત્ર ક્રમાકઃરાપબો/ NMMS/૨૦૨૦/૩૬૬૭-૩૬૪૫ તા.૨૯/૧૦/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચુકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બૅંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. રાજયના NMMS યોજનાના વર્ષ- ૨૦૨૦-૨૧ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" પર કરવાની થાય છે.

આ ઉપરાંત સી.આર.સી. કો-ઓર્ડીનેટર દ્વારા તેઓના ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીદ્દતઓની એપ્લીકેશન NSP (National Scholarship Portal) માટેની વેબસાઇટ http://www.scholarships.gov.in પર ઓનલાઇન એપ્લીકેશન કરવાની ઓનલાઇન એપ્લીકેશનની પ્રક્રિયા બાદ વિદ્યાર્થીની ચાલુ શૈક્ષણિક વર્ષની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન પ્રક્રિયા કરવાની કામગીરી સોપવામાં આવેલ હતી

ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્ર માં સુચવેલ કામગીરીમાં MHRD દિલ્હી દ્વારા NSP પોર્ટલ પર ફ્રેશ તેમજ રીન્યુઅલના રજીસ્ટ્રેસનની કરવાની છેલ્લી તારીખ - ૩૧/૧૦/૨૦૨૦ સુધી છે આપના શાળાના ફ્રેશ તેમજ રીન્યુઅલની કામગીરી શાળા કક્ષાએથી બાકી હોય તેવી ફ્રેશ તેમજ રીન્યુઅલ એપ્લીકેશન રજીસ્ટ્રેશનની કામગીરી સત્વરે પુર્ણ કરવા જણાવવામાં આવે છે. જિલ્લા કક્ષાએથી વેરીફાઇ કરવાની છેલ્લી તારીખ ૧૫/૧૧/૨૦૨૦ હોય આપની શાળાની એપ્લિકેશન વેરીફાઇ ની કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરવા જણાવવામાં આવે છે.

જો કોઇ શાળાની ઉદાસીનતાને કારણે આ યોજનાનો લાભાર્થી વિદ્યાર્થી શિષ્યવૃતિ મેળવવાથી વંચિત રહેશે તો તે અંગે જવાબદારી આપની અંગત રહેશે.

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત.

સવિનય નકલ રવાના :- પ્રતિ,
(1) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ જાણ સારૂં.
(2) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ જાણ સારૂં.
(3) માન. વહીવટી અધિકારી સુમન સેલ તરફ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

નકલ રવાના:- (1) તમામ નિરીક્ષકશ્રી, ન.પ્રા.શિ.સ.સુરત, (2) તમામ યુ.આર.સી.શ્રી, સી.આર.સી.શ્રી સુરત. તરફ જાણ તથા અમલ કરવા સારૂં.

ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૦/3567-3645
રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર -૨૧, ગાંધીનગર
તા.૨૯/૧૦/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય: NSP (National Scholarship Portal) પર કામગીરી બાબત.
સંદર્ભ:- ૧.અત્રેની કચેરીના તા.૧૯/૦૮/૨૦૨૦ ના પત્ર ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૦/૧૯૨૨-૨૦૩૬
૨.અત્રેની કચેરીના તા.૧૫/૦૯/૨૦૨૦ ના પત્ર ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૦/૨૪૧૧-૭૭

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. રાજ્યના NMMS યોજનાના વર્ષ-2020-21 ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની તેમજ રીન્યુઅલ (2016 થી 2018 સુધી-ધોરણ ૧૦ થી ૧૨) ની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર કરવાની થાય છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચાલુ વર્ષે પણ જિલ્લા કક્ષાએ આ કામગીરી માટે નોડલ ઓફીસર (પ્રાથમિક અને માધ્યમિક કચેરીના) અને તાલુકા કક્ષાએ આ કામગીરીના સંકલનની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/શાસનાધિકારીશ્રીઓ સોંપવામાં આવી છે. આ ઉપરાંત સી.આર.સી. કો-ઓર્ડીનેટર દ્વારા તેઓના ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની એપ્લીકેશન NSP (National Scholarship Portal) વેબસાઇટ http://www.scholarships.gov.in પર ઓનલાઇન એપ્લીકેશન કરવાની અને ઓનલાઇન એપ્લીકેશનની પ્રકીયા બાદ વિદ્યાર્થીની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન પ્રકીયા કરવાની કામગીરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સંયુક્ત રીતે સોંપવામાં આવેલ હતી.

ઉકત સંદર્ભ દર્શિત પત્ર નં ૧ અને ૨ માં સુચવેલ કામગીરીમાં MHRD દિલ્હી દ્વારા NSP પોર્ટલ પર ફ્રેશ તેમજ રીન્યુઅલના રજીસ્ટ્રેશનની કરવાની છેલ્લી તારીખ:-૩૧/૧૦/૨૦૨૦ સુધી છે આપના જિલ્લાની ફ્રેશ તેમજ રીન્યુઅલ એપ્લિકેશનની માહિતી જિલ્લા login માંથી જોઈ જેતે શાળા ને જાણ કરી શાળા કક્ષાએથી બાકી હોય તેવી ફ્રેશ તેમજ રીન્યુઅલ એપ્લિકેશનના રજીસ્ટ્રેશનની કામગીરી સત્વરે પુર્ણ કરાવવી. જિલ્લા કક્ષાએથી વેરીફાઈ કરવાની છેલ્લી તા.૧૫/૧૧/૨૦૨૦ હોઇ આપના જિલ્લાની એપ્લિકેશન વેરીફાઇ ની કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરાવવા વિનંતી છે.

જો કોઇ શાળાની કે તંત્રની ઉદાસીનતાને કારણે આ યોજનાનો લાભાર્થી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ મેળવવાથી વંચિત રહેશે તો તે અંગેની જવાબદારી સંબંધિતની નિશ્ચિત કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

MGVm
સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ નકલ સવિનય રવાના જાણ સારૂ:-
માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ વિભાગ, બ્લોક નં:- ૫/૭, માળ સચિવાલય, ગાંધીનગર
માન.નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, બ્લોક નં-૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned by CamScanner